# સ્વાયત્તતા સંમેલન

**સંકલન : પ્રકાશ ન. શાહ**

### સ્વાયત્તતા, સફળ અને સંકલ્પબદ્ધ સંમેલન

તારીખ પહેલી માર્ચના રોજ પરિષદ પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રના પ્રમુખપદે યોજાયેલ સ્વાયત્તતા સંમેલન ઉત્સાહ અને સંકલ્પના વાતાવરણમાં સમ્પન્ન થયું હતું. ઉપપ્રમુખ રાજેન્દ્ર પટેલના સંદેશાવાચન અને સ્વાયત્તતા વિશે નિરંજન ભગતનાં સુમિરન-વચનોના મંત્રી ભરત મહેતાએ કરેલ પઠન બાદ સિતાંશુભાઈએ સંમેલનની ભૂમિકા બાંધી હતી. ચન્દ્રકાન્ત ટોપીવાળા, રઘુવીર ચૌધરી અને કુમારપાળ દેસાઈ એ પૂર્વ પ્રમુખો ઉપરાંત સંમેલનને શિરીષ પંચાલ, અનિલા દલાલ, હરિકૃષ્ણ પાઠક, રમણ સોની, જયદેવ શુકલ, પરેશ નાયક, નીતિન શુક્લ, સંધ્યા ભટ્ટ, રામચંદ્ર પંચોળી, પ્રકાશ ન. શાહ વગેરેએ પણ સંબોધન કર્યું હતું. સંમેલનનું સુચારુ સંચાલન મહામંત્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું. સંમેલનમાં થયેલ બંને ઠરાવ અને સંમેલનને પ્રાપ્ત થયેલ સંદેશાઓમાંથી સંકલિત સામગ્રી આ સાથે આપી છે.

## તા. ૧-૩-૨૦૨૦ના રોજ યોજાયેલ સ્વાયત્તતા સંમેલનમાં થયેલા ઠરાવ :

### સ્વાયત્ત અકાદમી પુનર્જીવિત કરો

આજનું આ સ્વાયત્તતા સંમેલન ગુજરાતી સાહિત્ય પરિષદ સહિત વિવિધ સંસ્થાઓ તેમજ વિશાળ સાહિત્યપ્રેમી વર્ગના સતત અનુરોધ અને વિધિસર તેમજ અવિધિસર રજૂઆત છતાં ગુજરાત સાહિત્ય અકાદમીને પૂર્વવત્ સ્વાયત્ત કરવા અંગે રાજ્ય સરકાર તરફથી કોઈ મુદતબદ્ધ કદમ ભરાયું નથી તે અંગે ગંભીર નોંધ લે છે. સંમેલન રાજ્ય સરકાર અને સંબંધિત સૌનું, વિશેષે કરીને ગુજરાતના નાગરિક સમાજ સમસ્તનું એ એક પાયાની વિગત તરફ પુનઃ પુનઃ ધ્યાન દોરે છે કે દેશની અન્ય અકાદમીઓમાં નહીં તેમ આપણે ત્યાં ચુંટાયેલ લેખક મંડળ અને ચુંટાયેલ પ્રમુખવાળી અકાદમીને કારણે એક જુદી ભાત પડતી હતી અને ઉમાશંકર-દર્શક આદિની તે દિશાની દોરવણીએ ભારતના સાહિત્યિક નકશામાં તેને કારણે આપણને વિશિષ્ટ સ્થાન પણ મળ્યું હતું. રાજ્ય સરકારના દફતરે તેમજ ૨૦૧૫માં એકાએક ઉપરથી નિમાયેલ પ્રમુખ સાથે સ્વાયત્તતાના વિધિવત લોપ બાદ વખતોવખત થતી રજૂઆતમાં આ વિગત પડેલી છે. ગુજરાતની અસ્મિતા અને ગૌરવનો એ તકાજો છે કે રાષ્ટ્રીય સ્તરે અનોખી એવી આ લબ્ધિને પુનર્જીવિત કરવામાં આવે.

### કાર્યક્રમ વિશે

આજનું આ સ્વાયત્તતા સંમેલન, સાહિત્ય પરિષદના પ્રમુખ સિતાંશુ યશશ્ચંદ્રને, આગળની કામગીરી માટે સવેળા જરૂરી પરામર્શપૂર્વક એક પગલા સમિતિની રચના કરવાની જવાબદારી સોંપે છે.

દરમ્યાન, સંમેલન તરફથી, પ્રમુખશ્રી અને પગલા સમિતિનો ગુજરાતના સર્વ ધારાસભ્યો જોગ પ્રસ્તુત ઠરાવ સહિતનો એક અનુરોધપત્ર જાય, જેમાં સરકારને સ્તરે એમને આ સંદર્ભમાં પૂરતો રસ લઈ કારવાઈ કરવાની વિનંતી હોય. જે તે વિસ્તારના સાહિત્યસેવીઓનું એક પ્રતિનિધિમંડળ પોતાના ધારાસભ્યને મળી આ બાબતમાં સવિશેષ ધ્યાન દોરી શકે તે માટે જરૂરી સંકલન આ પગલા સમિતિ કરશે.

પગલા સમિતિ આગામી બે માસમાં રાજ્યમાં વિવિધ સ્થળે જાહેર સભાઓ યોજીને જનમત જાગૃતિનો પ્રયાસ જારી રાખશે.

આજથી બે મહિના દરમ્યાન રાજ્ય સરકાર આ સંદર્ભમાં વિધાયક પ્રતિસાદ ન આપે તો રાજ્યના સ્થાપના દિવસ એટલે કે પહેલી મે પછી તરતનો કોઈ દિવસ નક્કી કરી રાજ્યભરના સાહિત્યપ્રેમીઓ ગાંધીનગરમાં એકત્ર થઈ જાહેર, સામુદાયિક વિરોધ પ્રગટ કરશે.

## સંકલિત શુભેચ્છા સંદેશ

### આ પ્રશ્નને લોકો સુધી પહોંચાડીએ | ધીરુ પરીખ

૧લી માર્ચે પરિષદમાં ગુજરાત સાહિત્ય અકાદેમીના સ્વાયત્તતા વિશે ચર્ચાવિચારણા માટે મળનારી સભામાં હું મારી શારીરિક તકલીફને કારણે હાજર રહી શકું તેમ નથી.

ગુ. સા. અ.ની સ્વાયત્તતા વિશે ઘણા લાંબા સમયતી ચર્ચા ચાલી રહી છે. હવે એ તબક્કો આવીને ઊભો રહ્યો છે કે એ બાબતે કોઈ ચોક્કસ પગલાં લેવાં જોઈએ, કોઈપણ કલાકાર સ્વતંત્ર અને સ્વાયત્ત છે જ. તો પછી એમની સંસ્થા અસ્વાયત્ત કઈ રીતે હોઈ શકે ?

### આત્માની પોર્નોગ્રાફી સામે | અનિલ જોશી

કવિતા આત્માની કળા છે. આત્માનો ઑક્સિજન ‘સ્વાયત્તતા’ છે. ગુજરાત સાહિત્ય અકાદમીના બંધારણને કચરાટોપલીમાં ફેંકીને સરકાર અકાદમીની સ્વાયત્તતા છીનવીને કોઈ પોતાના માણસની અધ્યક્ષપદે નિમણુક કરી દે એમાં લોકશાહી બિલકુલ નથી, પણ આત્માની પોર્નોગ્રાફી છે. સાહિત્ય પરિષદ, તમારા નેતૃત્વ સાથે અકાદમીની સ્વાયત્તતા માટે જે સંઘર્ષ લડત ચલાવી રહી છે, એમાં મારો શ્વાસ અને સાથ આપ સહુ મિત્રોને સંદેશા રૂપે મોકલું છું.

Literature is not at the service of the government; on the contrary, governments should do everything in their power to create a favourable climate for literature. (મુંબઈ)

### ઉમાશંકર અને દર્શકની કેડીએ | રમણીક સોમેશ્વર

સંયોગવશ આવી શકાય તેમ નથી. પરંતુ દેશના અન્ય રાજ્યોથી અલાયદો માર્ગ કંડારી સ્વાયત્ત બનેલી ગુજરાત સાહિત્ય અકાદમી કવિ શ્રી ઉમાશંકર જોશીએ સેવેલ

સ્વપ્ન સમી પ્રજાકીય સંસ્થા બની રહે અને શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ના ચીંધેલ માર્ગે પુનઃ ધબકતી થાય - એવી સૌ સ્વાયત્તતા-પ્રેમીઓની લાગણી અને માગણી સાથે હું મારો સૂર પુરાવું છું. (ભુજ)

## અનુમોદના | ઉદયન ઠક્કર

વિશ્વ આખામાં લોકશાહી શ્રેષ્ઠ તંત્ર તરીકે સ્વીકારાઈ છે. અગાઉના વર્ષોમાં ચૂંટાયેલી ગુજરાત સાહિત્ય અકાદમીએ સારી કામગીરી બજાવી છે. તે જોતાં તેની સ્વાયત્તતા છીનવી લેવી અન્યાયી બને છે. ગુજરાતી સાહિત્ય પરિષદે ગુ.સા. અકાદમીની સ્વાયત્તતા માટે કરેલા પુરુષાર્થને હું સમર્થન આપું છું. સરકારે આ માગણી સત્વરે સ્વીકારવી જોઈએ. માત્ર વ્યવહારુ કારણસર મુંબઈથી અમદાવાદ આવી શકતો નથી.

(મુંબઈ)

## વાચક વર્ગનો પૂરો સહકાર | રૂપલ મહેતા

કહેવત છે કે 'pen is mightier than sword,' કવિની કલમની તાકાત તલવારથીય વધુ ગણાય છે. જોકે વાસ્તવમાં કલમ યુદ્ધ લડવા નથી જઈ શકતી... તો તલવાર કવિતા નથી રચી શકતી. તો પછી તાકાત કોની વધારે ગણીશું ? શક્તિ તો એ હાથની વધારે છે કે જે યોગ્ય સમયે કલમ ઉઠાવે, યોગ્ય સમયે તલવાર ઉઠાવે અને યોગ્ય સમયે બંને...

એકવાર ભગતસાહેબે અમને એવા હિંમતવાન ઉમાશંકર જોશીની વાત કહી હતી કે જેમણે પોતાના ગ્રંથ 'સમગ્ર કવિતા'ના પ્રકાશનમાં સરકારની દખલનો સખત વિરોધ કર્યો હતો અને હિંમતથી એ આખુંય પ્રકાશન પાછું ખેંચીને પોતે આખુંય ફરીથી છપાવ્યું હતું. એટલું જ નહીં, રાજ્યસભામાં વડાપ્રધાનની હાજરીમાં નારાજી દર્શાવીને આ વાતની ટિપ્પણી કરી હતી.

ધન્ય છે આ પ્રથા પર ચાલનારા ગુજરાતના સાચા સાહિત્યકારો... જેમને અમારો, વાચકવર્ગનો, પૂરો સહકાર છે.

(અમદાવાદ)

આ ઉપરાંત મુંબઈથી પૂર્વપ્રમુખ વર્ષા અડાલજાના ટેલિફોનિક શુભેચ્છા-અને-સમર્થન-સંદેશ ઉપરાંત દિલીપ સેલારકા, ઇશાન સેલારકા, લલિત જોશી, મુકેશ જોશી, ગણેશભાઈ જોશી, મગનભાઈ ચોલેરા, નવનીત રાયઠઠ્ઠા, અમિત શેઠ, પ્રવીણ ગાંધી, શૈલા વ્યાસ, પ્રવીણ શાહ, પુલીન પારેખ તેમજ અજય પાઠક (ભાવનગર) અને કેશુભાઈ દેસાઈ (ગાંધીનગર) વગેરે તરફથી સંમેલનને શુભેચ્છા સંદેશ મળ્યા હતા.

સ્વાયત્તતા સમ્મેલનની એક ઊર્જા તે ગુજરાતના યુવા વર્ગની સામેલગીરી. સાહિત્યના પચાસેક જાગૃત વિદ્યાર્થીઓ, વડોદરાથી ખાસ બસ કરીને પ્રો. ભરત મહેતા, શિરીષ પંચાલ, જયદેવ શુક્લ અને રમણભાઈ સોની જેવા ગુજરાતના ઉત્તમ સર્જકો-અધ્યાપકો સાથે સમ્મેલનમાં સૂઝબૂઝ અને ઉમંગથી ભાગ લેવા આવ્યા હતા.

❑